# Gujarat Pranam

## Skipper Limited announces its arrival in Gujarat with its new manufacturing facil

India Media Monitor

**Date: 15/04/2015 | Edition: Ahmedabad | Page: 2 | Source: Bureau | Clip size (cm): W: 15 H: 21**

**Clip: 1 of 1**


# સ્કીપર લિ.એ પીવીસી પાઈપ્સના નવા ઉત્પાદન એકમ સાથે ગુજરાતમાં તેના આગમનની જાહેરાત કરી




અમદાવાદ, ૧૪મી એપ્રિલ, ૨૦૧૫ : ભારતમાં ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન (ટીએન્ડડી) ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વોટર ટ્રાન્સમિશન સેક્ટર્સમાં ટોચની ત્રણ કંપનીઓમાંની એક સ્કિપર લિ. (બીએસઈ : ૫૩૮૫૬૨)એ ગુજરાતમાં નવા પીવીસી પાઈપના ઉત્પાદન એકમ સાથે રાજ્યમાં તેના આગમનની જાહેરાત કરી છે. પૂર્વીય ભારતની બહાર વિસ્તરણ કરતાં સ્કિપર લિમિટેડનો નવો સેટેલાઈટ પ્લાન્ટ આંતરરાષ્ટ્રીય ધારાધોરણની પીવીસી પાઈપ્સની શ્રેષ્ઠ બ્રાન્ડ મારફત ગ્રાહકની નિકટતાની જરૂરિયાત પૂરી કરશે. પૂર્વીય ભારતમાં પીવીસી પાઈપ ઉત્પાદકોમાં અગ્રણી સ્થાન ધરાવતી કંપનીએ ગુજરાતમાં પગ મુકવા સાથે જળસંશાધન ઉદ્યોગમાં તેની મહત્વાકાંક્ષી યોજનામાં તેનું સૌપ્રથમ પગલુ ભર્યું છે. કેટલીક સામાજિક જવાબદારીની પહેલો હાથ ધરનાર સ્કીપર સેન્ટર ઓફ એક્સલન્સનો કાર્યક્રમ સ્કીપર સાથી પણ વિકસાવશે. આ સેન્ટર ખેડૂતો અને પ્લમ્બિંગ કોમ્યુનિટીને મફત તાલિમ આપશે. કંપનીએ આ પહેલ હેઠળ ગુજરાતમાં ૨,૦૦૦ અર્ધ કુશળ અથવા અકશુળ પ્લમ્બર્સ અને ૧૦,૦૦૦ ખેડૂતોને તાલિમ આપી છે. તેની આ પહેલ મારફત કંપનીનો આશય પ્લમ્બિંગ અને કૃષિ સેક્ટર માટે સક્ષમતા અને વિકાસના આધારે જથ્થા અને ગુણવત્તામાં તાલિમબદ્ધ મેનપાવરની વેલ્યુ ચેઈનની વિકસતી જરૂરિયાત પૂરી કરવામાં નોંધપાત્ર યોગદાન આપવાનો છે.

કંપનીના પીવીસી કારોબારમાં ૧૦૦ ટકાની અસાધારણ વૃદ્ધિ અનુભવાઈ છે અને પૂર્વીય બજારમાં કંપની ૮ ટકા જેટલો નોંધપાત્ર બજારહિસ્સો ધરાવે છે. સ્કીપર રૂપિયાનું પૂરું વળતર પૂરું પાડતા ઉત્પાદન તરીકે જાણિતી છે અને તેનો વિશાળ વૈવિધ્યપૂર્ણ વેન્ડર બેઝ ઓછા ખર્ચે ઉદ્યોગની સૌથી શ્રેષ્ઠ ગુણવત્તાની પીવીસી પાઈપ્સના ઉત્પાદનમાં સિમાચિહ્નો સ્થાપિત કરે છે.

સ્કીપર લિ.ના ડિરેક્ટર શ્રી દેવેશ બંસલે જણાવ્યું હતું કે, 'ભારતીય પીવીસી પાઈપ્સ અને ફિટિંગ્સ બજાર નાણાકીય વર્ષ ૨૦૧૯ સુધીમાં રૂ. ૩૯૧ અબજનું થઈ જશે. તેમાં વાર્ષિક ૮-૧૦ ટકાની વૃદ્ધિ જોવા મળે છે.